## સંક્ષિપ્ત સમાચાર

### મીરાખેડી ગામે આશ્રમશાળાનાં વિદ્યાર્થીઓને કારકિર્દી નિર્માણ અંગે માર્ગદર્શન અપાયું

**દાહોદ :** ઝાલોદ તાલુકાના મીરાખેડી ગામે આવેલ ભીલ સેવા મંડળ સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા નાં ધોરણ 10 નાં વિદ્યાર્થીઓ ને રોટરી ક્લબ ઓફ ડાયમંડ દાહોદ અને લાયન્સ ક્લબ ગોદી રોડ,દાહોદ નાં સયુંક્ત ઉપક્રમે ઉજ્જવળ કારકીર્તિ નાં નિર્માણ માં ઉપયોગી જાણકારી અંગે નો માર્ગ દર્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ માં રોટરી ક્લબ ઓફ ડાયમંડ દાહોદ નાં પ્રમુખ હીરાલાલ સોલંકી ,લાયન્સ ક્લબ ગોદી રોડ,દાહોદ નાં સેક્રેટરી સત્યેન્દ્ર સિંહ સોલંકી અને રોટરી ક્લબ ઓફ ડાયમંડ દાહોદ નાં સેક્રેટરી રતનસીંગ બામણિયા, સદસ્યો વાસુ ભાઈ મંગલાની,પ્રદીપભાઈ રાઠોડે ઉપસ્થિતિ આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

### ફતેપુરા તાલુકાના સુખસર સંગાડા ફળિયાના 37 વર્ષીય યુવાને ગળે ફાંસો ખાઈ મોત વહાલુ કર્યું

**દાહોદ :** ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આવેલ સંગાડા ફળિયામાં માનસિક સંતુલન ગુમાવી બેઠેલા 37 વર્ષીય યુવાને પોતાના મકાનની જોતરી સાથે ખેસયુ બાંધી ગળે ફાંસો ખાતા મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આવેલ સંગાડા ફળિયામાં રહેતા વિનોદભાઈ વીરસીંગભાઇ કટારા ખેતીવાડી તથા છૂટક મજૂરી કામ ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો.જેઓ છેલ્લા બે વર્ષથી માનસિક રોગથી પીડાતા હતા. સવારના ઘરના સભ્યોએ જાગતા વિનોદભાઈ કટારાના મકાનનો દરવાજો બંધ હોય દરવાજો ખટખટાવતા ખોલેલ નહીં. અને દરવાજાની ઉપરની જાળીના ભાગેથી બૂમ મારવા જતા જાળીમાંથી જોયેલ તો વિનોદભાઈ કટારા કેસીયા થી ઘરની જોતરી સાથે ગળે ફાંસો ખાધેલી હાલતમાં લટકતો જોવા મળ્યો હતો જે અંગે સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

### ઝાલોદમાં કસ્બા વિસ્તારમાં 80 કિલો માંસનો જથ્થો અને એક ગૌવંશ સાથે ત્રણની અટકાયત

**દાહોદ :** દાહોદ જિલ્લાના ઝાલોદ નગરના કસ્બા વિસ્તારમાં એસઓજી અને એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે એક રહેણાંક મકાનમાં છાપો મારી પોલીસે અંદાજીત ૭૦થી ૮૦ કિલો માંસનો જથ્થા સાથે એક જીવત ગૌવંશને બચાવી લેવામાં આવ્યાં હતાં ત્યારે પોલીસે ત્રણ ઈસમોની અટકાયત કરી હોવાનું પણ જાણવા મળે છે. દાહોદ એસઓજી પોલીસ અને એલસીબી પોલીસને મળેલ બામતીના આધારે ગતરોજ ઝાલોદના કસ્બા વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં મળેલ બાતમીના આધારે ઓચિંતો છાપો મારી પોલીસ દ્વારા મકાનમાંથી અંદાજે ૭૦થી ૮૦ કિલો માંસનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. ત્યારે બીજી તરફ એક ગૌ વંશને પણ જીવીત કબજે કરવામાં આવ્યાં હતાં. પોલીસે ઝડપેલ માંસનો જથ્થો પૃથ્થકરણ માટે મોકલી આપ્યો છે.

### દાહોદમાં પરિણિતાને ત્રાસ આપતા પતિ સહિત સાસરિયાઓ વિરુદ્ધ મહિલા પોલીસ મથકે ફરિયાદ

**દાહોદ :** દાહોદ શહેરમાં સુખદેવ કાકાની ચાલમાં રહેતાં ૨૩ વર્ષિય દિપીકાબેન રમેશભાઈ પીઠાયાના લગ્ન અગનભાઈ વસંતભાઈ સાથે ગત તા.૨૩.૦૨.૨૦૨૪ના રોજ સમાજના રિત રિવાજ મુજબ થયાં હતાં ત્યારે પરણિતા દિપીકાબેનને પંદરેક દિવસ સુધી સારૂ રાખ્યા બાદ પતિ અગનભાઈ તથા સાસરીપક્ષના વસંતભાઈ ગંગાબાઈ તેમજ સુશીલાબેનનું પોત પ્રકાશ્યું હતું અને અવાર નવાર મેણા ટોણા મારી દિપીકાબેનના પતિ અગનભાઈ દિપીકાબેનને કહેલ કે, તુ મને છુટાછેડા આપી દે, મારે તને રાખવી નથી, મારા બાળકો આપી તારા બાપના ઘરે જતી રહે, તેમ કહી બેફામ ગાળો બોલી મારી નાંખવાની ધમકીઓ આપતો હતો ત્યારે વસંતભાઈ તથા સુશિલાબેન પરણિતા દિપીકાબેનને પતિ અગનભાઈને ખોટી ચઢામણી કરી મેણા ટોણા મારતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા દિપીકાબેનએ પોતાના પિયરની વાટ પકડી હતી અને આ સંબંધે દિપીકાબેન રમેશભાઈ પીઠાયાએ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કાલોલમાં બોરુ ગામે રેલવે નાળામાં વરસાદી પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકી

**કાલોલ :** સમગ્ર ગુજરાતમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતાં પંચમહાલ જિલ્લામાં પણ આજે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. આ વરસાદી માહોલ વચ્ચે કાલોલ સહિત તાલુકાની આસપાસના અનેક વિસ્તારોમાં વરસાદના કારણે થોડા સમય માટે રસ્તાઓ પર પાણી પાણી થઇ ગયું હતું.તો બીજીબાજુ કાલોલ તાલુકાના બોરુ ગામે જતા રેલવેના નાળામાં પાણી નિકાલના અભાવે નાળામાં પાણી ભરાઇ ગયું હતું. જેમાં કેટલાક વાહન ચાલકોની વાહન બંધ પડી જતાં પાણીમાંથી ધક્કો મારી બાહર કાઢતાં નજરે પડ્યા હતા.

---

**બે ભેજાબાજોએ ઇસમને ભુરાવા ખાતે બોલાવી ડોક્યુમેન્ટની ઝેરોક્ષ લઇ વિશ્વાસમાં લીધો હતો**

# ગોધરાની પંચામૃત ડેરીમાં કાયમી નોકરી આપવાના બહાને ૩.50 હજારની ઠગાઈ

**પોલીસ** ફરિયાદ નોધાતા ગણતરીના કલાકોમાં જ અટકાયત

(પ્રતિનિધિ) ગોધરા,તા,31

ગોધરા શહેરના કૈલાશ પર્વત હોટલ પાસે આવેલા ભુરાવાવ ખાતે બે ભેજાબાજ બંટી અને બબલીએ ગોધરા શહેરમાં આવેલા પંચામૃત ડેરીમાં કાયમી નોકરી આપવાના બહાને એક ઈસમને બોલાવી અને તેને વિશ્વાસમાં લઈ તેની પાસેથી ડોક્યુમેન્ટની ઝેરોક્ષ લઈને છેતરપિંડી કરી રોકડા ૫૦,૦૦૦ લઈને વિશ્વાસઘાત અને ઠગાઈ કરતા ગોધરા બી-ડિવિઝન પોલીસ મથકમાં ગઈકાલે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેના ગણતરીની કલાકોમાં બંને ભેજાબાજ બંટી અને બબલીની અટકાયત કરી ગોધરા બી-ડિવિઝન પોલીસ મથકમાં લાવીને વધુ પૂછપરછ માટે તપાસ હાથ ધરવામાં આવી હતી.

લુણાવાડા તાલુકાના ભોજા પટેલ ફળિયામાં રહેતા સચિનકુમાર અરવિંદભાઈ પટેલે પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે હું મારું કામ પતાવી બપોરના સમયે પંચામૃત ડેરી ઉપર આવવા નીકળ્યો હતો. તે સમયે કોઠંબા બસ સ્ટેન્ડ પાસે બે-ત્રણ છોકરાઓ સરકારી નોકરી તથા પંચામૃત ડેરીમાં કાયમી નોકરી માટે એક પાર્ટી વહીવટ કરે છે તેવી વાત કરતા હતા. જેથી મારે પણ કાયમી નોકરી કરવા માટેની ઈચ્છા હતી. મે તેમને પૂછ્યું ત્યારે તેમણે મોબાઈલ ફોનમાંથી એક ફોટો મને બતાવ્યો હતો. જેમાં હાથથી લખાણ લખેલું હતું.જેમાં સુનેહરી તક સરકારી નોકરી કરવા માટે ૧૨ પાસ ગ્રેજયુએટ પગાર ૩૩,૦૦૦ પરમેનન્ટ નોકરી પંચમહાલ ડેરી ગોધરા લખેલું હતું. જેથી મેં તેઓને ફોટો મારા મોબાઈલમાં વ્હોટ્સએપથી ફોરવર્ડ કરવા કહેતા તેમણે મને ફોટો પાડી લે તેમ કહેતા મેં તેમના મોબાઈલમાંથી ફોટો પાડી લીધો હતો.ત્યારે તેઓએ મારી પાસે ઓછામાં ઓછા ૨,૫૦,૦૦૦ આપવા પડશેની માંગણી કરી હતી, પરંતુ મે ૫૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ સુધી આપવાની વાત કરી હતી. ત્યારે તેઓએ સાહેબને ફોન કરી પુછું તેમ જણાવ્યું હતું અને મને વિશ્વાસમાં લીધો હતો. ફરીથી બહેનનો બીજો ફોન આવ્યો અને જણાવ્યું કે ૨,૫૦,૦૦૦ પુરેપુરા લઈને આવો ત્યારે મેં કહ્યું કે મારી પાસે ૫૦,૦૦૦ રૂપિયા હાલમાં છે, પરંતુ તે બહેને ઓછામાં ઓછા ૧,૫૦,૦૦૦ આપવા જણાવ્યું હતું અને ડોક્યુમેન્ટમાં બે ફોટા, માર્કશીટ, બાયોડેટા, આધારકાર્ડની ઝેરોક્ષ કોપી લઈને આવી જાવ અને ઓરીજનલ કોપી ઈન્ટરવ્યૂ વખતે સાહેબ માગે તે વખતે બતાવવાના રહેશે. અને હું ફોન કરુ એટલે ગોધરા બસ સ્ટેન્ડ પાસે આવી જજો તેવું જણાવ્યું હતું.મને શંકા જતા મેં પંચામૃત ડેરીમાં નોકરી કરતા મારા મિત્ર અંકિતકુમાર રાજેશભાઈ ભોઈને મળી આ બાબતે વાત કરતા તેણે મને જણાવ્યું હતું કે ડેરીમાં નોકરી લાગવા માટેના કોઈ પૈસા આપવાના થતા નથી. આ બહેન તારી સાથે છેતરપિંડી કરતી હોય તેવું લાગે છે. તું પોલીસ સ્ટેશનમાં જાણ કરીને એ લોકોને પકડાવી દે.જેથી મે બી-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બી-ડિવિઝન પોલીસ મથકના PI અંકુર ચૌધરી દ્વારા છેતરપિંડી કરનાર બંને ભેજાબાજ દીપીકાબેન મુકેશકુમાર રાઠોડ તથા ગાડી ચાલક નિશાંક નૃપેનભાઈ પાઠકની ગણતરીની કલાકોમાં અટકાયત કરી ગોધરા બી-ડિવિઝન પોલીસ મથકમાં લાવીને વધુ પૂછપરછ માટે તપાસ હાથ ધરી હતી.

### દાહોદના ગલાલીયાવાડ ગામે જુગાર રમતા આઠ ઈસમો ઝડપાયા

(પ્રતિનિધિ) ગોધરા,તા,31

દાહોદના ગલાલીયાવાડ ગામે ભુરીયા ફળિયામાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં રમાતા જુગારના અડ્ડા પર ઓચિંતો પોલિસે છાપો મારી જુગાર રમી રહેલા રાજુભાઈ કેશરીયાભાઈ ભાભોર, સમુભાઈ ધનજીભાઈ કટારા, સંજયભાઈ વલ્લભભાઈ નિનામા, બાબુભાઈ માધુભાઈ નિનામા, મેવાભાઈ ભાવલાભાઈ વહોનિયા, મંગળાભાઈ મલાબાઈ સંગાડા, સુરેશભાઈ છગનભાઈ સંગાડીયા અને દિલીપભાઈ નરેન્દ્રભાઈ યાદવને ઝડપી પાડી તેઓની અંગ ઝડતી તેમજ દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૧૧,૪૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં હતાં જ્યારે રાહુલભાઈ વજુભાઈ ભુરીયા અને પરેશભાઈ નવસિંગભાઈ સંગાડા પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતાં.

આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

**અસ્વસ્થ નવજાતને શિનોર સા.આ.કેન્દ્ર ખસેડાયુ**

## બાણજ ગામે કેનાલ પાસે ત્યજી દીધેલુ નવજાત શિશુ મળી આવ્યુ

(પ્રતિનિધિ) ડભોઇ,તા,31

ડભોઈ તાલુકાના બાણજ ગામ નજીક કેનાલ રોડ ની બાજુમાં ઝાડી ઝાંખરા વચ્ચે ત્યજી દીધેલ હાલતમાં નવજાત બાળક મડી આવ્યું બાળક અસ્વસ્થ હાલતમાં મડી આવતા 108ની મદદ થી તેને શિનોર તાલુકાના સી. એ.પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે લઇ જવાયું પોલીસ ને જાણ કરતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી અને તપાસ શરૂ કરી છે.

ડભોઇ તાલુકાના બાણજ થી ટીમબરવા કેનાલ માર્ગ ઉપર ઝાડી જાખરા વચ્ચે એક બાળકનો રડવાનો અવાજ સાંભળી પસાર થતા રાહદારી જોતા તાજુ જન્મેલ કુમળું બાળક ઝાડી ની વચ્ચે પડેલ હતું રાહદારી દ્વારા તાત્કાલિક ધોરણ થી ડભોઇ પોલીસ અને 108ને જાણ કરવામાં આવી અને બાળકને શિનોર તાલુકાના મોટા ફોફડિયા ગામે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઇ જવામાં આવ્યું અસ્વસ્થ બાળકને હાલ હોસ્પિટલ માં સારવાર અપાઈ રહી છે ત્યારે ડભોઇ પોલીસ દ્વારા સ્થળ ઉપર દોડી આવી ત્યજી દીધેલ બાળક નાં માતા પિતા કોણ છે અને ક્યા નાં છે તે અંગે શોધખોળ શરૂ કરી છે બનાવ ને પગલે સ્થળ ઉપર લોક ટોળા ઉમટી પડ્યા હતા.

### દે.બારીયામાં ઉધાવળા ગામે સર્પદંશથી બાળકીનુ મોત

(પ્રતિનિધિ) દાહોદ,તા,31

દેવગઢ બારીઆના ઉધાવળા ગામે નાના ફળિયામાં રહેતાં ૧૦ વર્ષિય કાલબેન પરેશભાઈ પટેલ પોતાના ઘરમાં કપડાના કબાટમાં કપડા માટે હાથ નાંખતાં કબાટમાં સંતાઈ રહેલ કોબ્રા સાંપે કાલબેનને હાથના ભાગે દંશ દેતાં કાલબેને બુમાબુમ કરી મુકી હતી. કાલબેનના અવાજથી પરિવારજનો દોડી આવ્યાં હતાં અને કાલબેનના હાથમાં કોબ્રા સાંપે દંશ દેતા નજરે પડતાં અને સાંપ પણ નજરે પડતાં પરિવારજનોએ તાત્કાલિક ગંભીર ઈજાગ્રસ્ત કાલબેનને પ્રથમ ગામમાં આવેલ દવાખાનામાં પ્રાથમીક સારવાર આપ્યાં બાદ દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. બાળકી હાલ દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે ત્યારે આ અંગેની જાણ એનિમલ રેસ્ક્યુ ટીમને કરતા સાપને પકડી દેવગઢ બારીઆ ફોરેસ્ટ વિભાગને સોંપવામાં આવ્યો હતો.

**દાહોદમાં નકલી પોલીસની બોલબાલા**

## અજાણ્યા ઈસમોએ પોલીસની ઓળખ આપી વૃદ્ધના 4 લાખના દાગીના સેરવ્યા

(પ્રતિનિધિ) 124,તા,24

ગત તા.૨૩મી જુલાઈના રોજ દાહોદ શહેરના પુરબીયાવાડ વિસ્તારમાં પટેલ ફળિયામાં રહેતા ૭૩ વર્ષિય વેપારી રમેશભાઈ નાનાલાલ સોની દાહોદ શહેરના ગોવિંદનગર ખાતેથી પોતાના કબજાની ટુ વ્હીલર ગાડી લઈ પસાર થઈ રહ્યાં હતાં તે સમયે ત્યાંથી એક મોટરસાઈકલ પર પસાર થઈ રહેલા બે અજાણ્યા ઈસમો રમેશભાઈ પાસે આવી રમેશભાઈને કહેવા લાગેલ કે, મે આરટીઓ ઈન્સ્પેક્ટર હું, હેલ્મેટ ક્યું નહીં પહેના, બાઈક સાઈડમે કરો, તેમ કહી રમેશભાઈને ટુ વ્હીલર ગાડી સાથે ઉભા રાખી રમેશભાઈને કહેવા લાગેલ કે, આગે ચોકડી પેર એક લેડીસ કો માર કે લુંટ લીયા હે, તુ સોને કી ચેઈન પહેન કે ક્યુ ઘુમ રહા હે, તેરી બેગ મે રખ દે, તેમ કહી રમેશભાઈ પોતાના શરીરે પહેરેલ સોનાના દાગીના જેમાં બે સોનાની ચેઈન પેન્ડલ સાથે અને ત્રણ સોનાની વીટી મળી કુલ રૂા. ૪ લાખની કિંમતના સોનાના દાગીના રમેશભાઈ પોતાના શરીરેથી કાઢી પોતાના ખિસ્લામાં મુકવા જતાં બંન્ને અજાણ્યા ઈસમોએ ખિલ્લામાં દાગીના મુકવાની ના પાડી ગાડીની ડિક્કીમાં કાગળના પડીકામાં મુકવા જણાઈ પોતાની પાસેથી કાગળ આપી તેમાં સોનાના દાગી મુકવા જણાવી રમેશભાઈ કાગળમાં પોતાના તમામ દાગીના મુકી પોતાની ટુ વ્હીલર ગાડીની ડિક્કીમાં મુકવા જતાં તે સમયે બે અજાણ્યા ગઠીયાઓએ રમેશભાઈની નજર ચુકવી સોનાના દાગીના જે કાગળમાં મુક્યાં હતાં તે કાગળનું પડીકુ બદલી નાંખી સોનાના દાગીના ભરેલ કાગળનું પડીકુ લઈ ફરાર થઈ ગયાં હતાં. ત્યાર બાદ રમેશભાઈએ પોતાની ગાડીમાં તપાસ કરી કાગળનું પડીકુ ખોલતા બગસરાની ચેઈન તેમજ નાના પથ્થરો કાગળના પડીકામાં જોવા મળતાં તેઓ સ્તબ્ધ થઈ ગયાં હતાં.

આરટીઓ ઈન્સ્પેક્ટરની ખોટી ઓળખ આપી આવેલ બે અજાણ્યા ગઠીયાઓએ રમેશભાઈ નાનાલાલ સોની સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ સંબંધે રમેશભાઈ નાનાલાલ સોનીએ દાહોદ એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

**પેન્શન અને તેનો તફાવત તથા નિવૃત્તિના તમામ મળતા લાભો ચૂકવાશે**

## મૃતક શ્રમયોગીના વારસ પુત્રને લાભો ચૂકવવા હાઈકોર્ટનો આદેશ

(પ્રતિનિધિ) કાલોલ,તા,31

મકાન અને માર્ગ સ્ટેટ વિભાગ લુણાવાડા મુકામે આવેલ કચેરીમાં તારીખ ૨૨/૯/૭૩ થી રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા ઉજ્મા ભાઈ બાબુભાઈ ડામોર કે જેઓ ને તેમની નોકરીના અરસા દરમિયાન સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ના પરિપત્ર મુજબના લાભો આપવામાં આવતા હતા ત્યારબાદ સરકાર દ્વારા નિયત કરેલ નિવૃત્તિના નિયમો અન્વયે ૬૦ વર્ષ પૂર્ણ થતા તારીખ ૩૦/૬/૧૩ના રોજ અરજદારને નિવૃત્ત કરવામાં આવેલ પરંતુ નિવૃત્તિ સમય તેઓને કોઈ પેન્શન ગ્રેજ્યુટી રજાઓ તેમજ મળવા પાત્ર નિવૃત્તિના કોઈ લાભો ચૂકવવામાં આવેલ ન હતા જે બાબતે અરજદારે મકાન અને માર્ગ વિભાગના નાયબ કાર્યપાલક અને કાર્યપાલક સમક્ષ વારંવાર નિવૃત્તિના લાભો મેળવવા માટે રજૂઆતો કરવા છતાં તેઓને કોઈ પણ લાભો ચૂકવવામાં આવેલ ન હતા દરમિયાન તા. ૨૫/૫/૨૧ ના રોજ અરજદારનું અવસાન થઈ જેને લઈ તેમના વારસ પુત્ર રમેશભાઈ ડામોરે ગુજરાત સ્ટેટ્ લેબર ફેડરેશન ના પ્રમુખ એ.એસ ભોઈ નો સંપર્ક કરી તેમના પિતાને થયેલ અન્યાય બાબતે રજૂઆત કરના ફેડરેશન દ્વારા સરકારશ્રીના લાગતા વળગતા અધિકારીઓને ગુજરનારના વારસપુત્રને નિવૃત્તિ પછીના અવસાન સુધીના તમામ તમામ લાભો આપવા બાબતે રીપ્રેઝન્ટેશન કરે પરંતુ સરકાર દ્વારા યોગ્ય પ્રત્યુતર ન મળતા ફેડરેશન દ્વારા એડવોકેટ દીપક આર દવે મારફતે ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન અરજી નંબ ૭૧૮/૨૧ દાખલ કરે એ કેસમાં પડેલા પુરાવા આધારિત બંને પક્ષારો ના એડવોકેટ ની દલીલો ને સાંભળી હાઇકોર્ટના ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ સાહેબ દ્વારા તારીખ ૧૭/૨/૨૨ ના રોજ અરજદારને નિવૃત્તિના તમામ લાભો ચૂકવવાનો આદેશ કરેલ છે.

### કાલોલ મામલતદાર દ્વારા ખડકી ટોલનાકા નજીકથી ગેરકાયદે રેતી ભરેલો એક હાઇવા ડમ્પરને ઝડપી પાડયો

**કાલોલ :** કાલોલ ની ગોમા નદીમાંથી ખુલ્લેઆમ ઠેક ઠેકાણે ખનન માફીયા દ્વારા રેતી અને માટીનું ખનન અને વહન કરવામાં આવી રહ્યું છે ત્યારે કાલોલ તાલુકાના ખડકી ટોલનાકાના નજીક તાલુકાના ચલાલી ગોમા નદીના પટમાંથી ગેરકાયદે રેતી વહન કરતા તત્વો સામે તાલુકા પ્રશાસને નક્કર કાર્યવાહી કરી રેતી ભરીને લઈ જવાતી એક હાઇવા ડમ્પર ટ્રકને ઝડપીને સરકારી તિજોરીને ફટકો મારતા ખનીજ માફિયાઓ વિરોધ નક્કર કામગીરી કરી હાઇવા ડમ્પર કબજે કરી ગેરકાનૂની પ્રવૃત્તિ સામે લાલ આંખ કરતા ગેરકાયદે રીતે ખનન અને વહન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

## લીમખેડાના અંધારી ગામે જમીન પચાવી પાડવાનો આક્ષેપ સાથે કલેકટરને રજૂઆત

(પ્રતિનિધિ) દાહોદ,તા,31

લીમખેડાના અંધારી ગામે હોળી ફળિયામાં રહેતાં અભેસિંગભાઈ રવજીભાઈ બારીયાએ દાહોદ જિલ્લા કલેક્ટરને કરવામાં આવેલ લેખિત રજુઆતમાં જણાવ્યાં અનુસાર, દાહોદ જિલ્લા પંચાયતના મહિલા સભ્ય શારદાબેન તેરસીંગભાઈ બારીઆ તથા તેમના પતિ તેરસીંગભાઈ કલાભાઈ બારીઆએ અંધારી ગામે આવેલ લોકોની ખેતીની જમીનોને પચાવી પાડી તેઓ દ્વારા જમીનો શરતની ખેતીલાયક ઉપયોગની આવેલ જમીનોને પચાવી પાડી છે. જમીનોના મુળ ખાતેદારી ગમાભાઈ મનાભાઈ મજકુર ગુજરી જવાથી કબજેદારના સગા રયજીભાઈ મનાબાઈના પુત્ર પોતે ઉપરોક્ત અરજદારનું નામ વારસાઈ ફેરફારમાં નોંધ કરવામાં આવેલ છે. ઉપરોક્ત જિલ્લા પંચાયતના મહિલા સભ્ય તથા તેમના પતિ દ્વારા આ જમીનોને પચાવી પાડ્યાં આક્ષેપો સાથે ઉપરોક્ત અરજદાર દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટરને લેખિત રજુઆત કરી આ મામલે તપાસ કરી કાર્યવાહી કરવા માટે રજુઆત કરવામાં આવેલ છે.

### લીમડીની લિટલ માસ્ટર ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં રેઈની ડેની ઉજવણી

(પ્રતિનિધિ) દાહોદ,તા,31

લીમડીના કારઠ રોડ ઉપર આવેલ વન્ડરફુલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત લિટલ માસ્ટર ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ મા rainy day ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જુનીયર કે.જી અને સીનિયર કે.જી.ના બાળકો એ ભાગ લીધો હતો .જેમાં બાળકોને રંગ બે રંગી છત્રીઓ, રેઈનકોટ પહેરીને વરસાદ ની મજા લેતા સીખવાડવામા આવ્યુ હતુ.બાળકો રેઈન ડે મા વરસાદી નાસ્તો લાવી અને તેનો આનંદ પણ માણ્યો હતો. તેમજ બાળકોએ વરસાદના ગીત પર ડાન્સ કર્યો હતો.વરસાદના માહોલમાં આજના દિવસે બાળકોએ મસ્તી સાથે ઉજવણી કરી હતી.જેમા લીટલ માસ્ટર ઈંગ્લીશ મીડિયમ ના આચાર્ય મિત્તલ શર્મા ,શાળા ના MD અમિત દેવડા સહીત સ્કુલ ના સ્ટાફ મીત્રો એ રેઈન ડે શી ઉજવણી મા બાળકો શે પ્રોત્સાહિત કર્યા હતા.